# <u>-:: જાહેરાત ::-</u>

જિલ્લા ન્યાયાલય, કચ્છ – ભુજ તેમજ તાબાની તાલુકાની અદાલતોમાં નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ માટે તદ્દન હંગામી તેમજ કામ ચલાઉ તથા કરાર આધારિત નિમણુંક આપવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જે જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત, સુચનાઓ, શરતો તથા અરજીનો નમુનો જિલ્લા ન્યાયાલય, કચ્છ – ભુજની વેબ સાઈટ **<u>https://districts.ecourts.gov.in/india/gujarat/kutch/recruit</u>** ઉપર ઉપલબ્ધ છે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : **<u>૦૫/૦૧/૨૦૨૧</u>** નિર્ધારીત કરેલ છે.

## <u>શૈક્ષણિક લાયકાત :</u>

### <u>ગુજરાતી સ્ટેનોગ્રાફરની કુલ્લ ૦૫ જગ્યાઓ માટે</u>

(૧) ગુજરાતી સ્ટેનોગ્રાફર ના ઉમેદવારે માન્ય યુનિવર્સિટીની સ્નાતક અથવા સરકારશ્રી તરફથી તેની સમકક્ષ ઠરાવેલ હોય તેવી પદવી ધરાવતા હોવા જોઈએ.

(૨) ઉમેદવાર ગુજરાત સરકારશ્રીના તા.૧૩/૦૮/૨૦૦૮ વાળા ઠરાવમાં જણાવ્યા મુજબનું કોમ્પ્યુટરને લગતું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

(૩) ગુજરાતી સ્ટેનોગ્રાફર માટે લઘુલીપીની ૭૫ શબ્દોની ઝડપ અને તે અંગેની જી.સી.સી. પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્ર ઈચ્છનીય છે. ગુજરાતી ટાઈપીંગમાં દર મિનિટે ૨૫ શબ્દોની ઝડપ અથવા તેને સમકક્ષ લાગુ પડતી કી નો ઉપયોગ.

## <u>સુચનાઓ :</u>

(૧) અરજી સાથે દરેક ઉમેદવારે ઉમર (શાળા છોડયાનું પ્રમાણપત્ર), શૈક્ષણિક લાયકાત તથા અન્ય કોઈ દસ્તાવેજ (જો હોય તો ) તેની ખરી નકલ જોડવાની રહેશે.

(૨) ઉમેદવારે અરજી રજીસ્ટર્ડ એ.ડી., સ્પીડ પોસ્ટ અગર તો માન્ય કુરીયર સર્વિસ મારફતે મોકલવાની રહેશે. રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૩) અરજી મોકલવાની છેલ્લી તારીખ : **<u>૦૫/૦૧/૨૦૨૧</u>** છે. ત્યારબાદ મળેલી અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહી. જેમાં પોસ્ટ દ્વારા કે કુરીયર સર્વિસ દ્વારા અરજી મોકલવામાં થયેલ વિલંબને ધ્યાને લેવામાં આવશે નહી.

(૪) ઉમેદવારની પસંદગી લઘુલીપી તથા ટાઈપીંગ ટેસ્ટના પરિણામના આધારે કરવામાં આવશે અને જરૂર જણાશે તો મૌખિક ઈન્ટરવ્યુ લેવામાં આવશે.

(૫) શારીરિક ખોડખાંપણ વાળા ઉમેદવારોને પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.

## <u>શરતો :</u>

(૧) સદરહુ નિમણુંક તદ્દન હંગામી, કામ ચલાઉ અને કરાર આધારીત રહેશે. ઉમેદવારોને કાયમી થવાનો કોઈ હકક રહેશે નહી અને નિમણુંક થયા પૂર્વે તે મતલબ નું ઉમેદવારે બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

...૨...

(૨) ઉમેદવારને નિમણુંક મળ્યા બાદ ન્યાયાધીશશ્રીઓ પાસે ડીકટેશન લઈ કોમ્પ્યુટર પર ટાઈપ કરવાનું રહેશે. ટાઈપ કરેલા પાના ધ્યાને લઈ રૂપિયા ૨૦/– પ્રતિ પાના ના દરે મહેનતાણું સરકારશ્રીના નિયમોને આધિન દરેક માસના અંતે ચુકવવામાં આવશે.

(૩) ઉમેદવારે મહેનતાણા માટે માસ ના અંતે કરેલ કામનો રીપોર્ટ ન્યાયાધીશશ્રીઓ ધ્વારા પ્રમાણિત કર્યા બાદ જિલ્લા ન્યાયાલય, કચ્છ – ભુજને મોકલી આપવાનો રહેશે અને તે મુજબ ઉમેદવારને મહેનતાણાની રકમ ચુકવવામાં આવશે.

(૪) પસંદગી પામેલા ઉમેદવારની કામગીરી જો સંતોષકારક નહી જણાય અગર તો અન્ય કોઈ વહીવટી બાબતો ને લીધે ઉમેદવારને ગમે ત્યારે છુટા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તો કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા વગર ઉમેદવારને છુટા કરવામાં આવશે જેનો અબાધિત હકક જિલ્લા ન્યાયાલય, કચ્છ – ભુજનો રહેશે અને તે મતલબનું નું ઉમેદવારે બાંહેધરી પત્રક આપવાનું રહેશે.

(૫) ઉમેદવારે કવર પર '' ગુજરાતી સ્ટેનોગ્રાફર (કરાર આધારીત) માટેની અરજી '' તેવું સ્પષ્ટ અક્ષરે અચૂક દર્શાવવું.

# ગુજરાતી સ્ટેનોગ્રાફરની જગ્યા માટેની અરજીનો નમુનો

(તદ્દન હંગામી, કામ ચલાઉ તથા કરાર આધારિત )

ઉમેદવારનો તાજેતર નો પાસપોર્ટ સાઈઝનો રંગીન ફોટો તથા સહી

પ્રતિ,
મ્હે. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ સાહેબશ્રી,
મુખ્ય જિલ્લા ન્યાયાલય,
ટાઉનહોલ પાસે,
ભુજ – કચ્છ (૩૭૦૦૦૧)

૦૧. ઉમેદવારનું પુરેપુરૂ નામ (અટક પ્રથમ લખવી) : ______________________

(અટક) (નામ) (પિતા/પતિનુ નામ)

૦૨. પિતા / પતિ નું પુરેપુરૂ નામ : ______________________

૦૩. ૧. કાયમી સરનામું : ______________________

______________________

______________________

૨. હાલનું સરનામું : ______________________

______________________

______________________

૦૪. મોબાઈલ / ફોન નંબર : ______________________

૦૫. જન્મ તારીખ : ______________________

૦૬. શૈક્ષણિક લાયકાત :

| અ.નં. | અભ્યાસ/કોર્ષ (પ્રવાહ સાથે) | બોર્ડ/યુનિવર્સિટી /શાળા | પાસ કર્યાનું વર્ષ | લીધેલા વિષયો | મેળવેલ ગુણના ટકા | પ્રયત્નની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| ૧. | | | | | | |
| ૨. | | | | | | |
| ૩. | | | | | | |
| ૪. | | | | | | |

<u>નોંધ :–</u>

૧. શાળા છોડયાના પ્રમાણપત્ર તથા એસ.એસ.સી./સમકક્ષ તથા સ્નાતક ગુણપત્રક તથા પ્રમાણપત્રોની ખરી નકલો બીડવી.
૨. માતૃભાષા સિવાયની અન્ય કોઈપણ ભાષાની નિપૂણતા ધરાવતી પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.
૩. કોમ્પ્યુટર કૌશલ્યનો કોર્ષ અથવા તેની સમકક્ષ પરીક્ષાની માહિતી ઉપરના કોલમમાં દર્શાવી ખરી નકલ બીડવી.

૦૭. યોગ્યતા

(૧) ગુજરાતી લઘુલેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૨) ગુજરાતી ટાઈપ લેખનમાં શબ્દ ઝડપ : ____________________

(૩) કોમ્પ્યુટરની જાણકારીની વિગત : ____________________

<u>નોંધ :–</u> રાજય પરીક્ષા બોર્ડ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કર્યા અંગેનું પ્રમાણપત્રની ખરી નકલ સામેલ રાખવી.

૦૮. અરજદારની જ્ઞાતિ : ____________________
(અરજદાર અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીત પછાત/ શારીરિક ખોડખાંપણ વાળા / માજી સૈનિક છે ?)

૦૯. અનુભવ, જો હોય તો : ____________________

૧૦. જિલ્લા ન્યાયાલય, કચ્છ – ભુજમાં તમારા કોઈ સગા નોકરી કરે છે ? જો હા, તો કર્મચારીનું નામ હોદ્દો તથા તેની સાથેનું સગપણ જણાવવું : ____________________

## <u>– :: એકરાર ::–</u>

આથી હું નીચે સહી કરનાર ઉમેદવાર પ્રમાણિત કરૂં છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારા જાણવા તથા માનવા પ્રમાણે સંપુર્ણ સાચી અને ખરી છે. હું સમજું છું અને સંમત થાઉં છું કે કોઈપણ તબકકે, કોઈપણ સંજોગોમાં કોઈપણ માહિતી જે મેં પુરી પાડી તે ખોટી અથવા ખામીયુકત જણાશે તો મારી અરજી/ઉમેદવારી રદ થવાને પાત્ર થશે અને જો મને નિમણુંક આપવામાં આવી હશે તો મારી નિમણુંક રદ કરવાપાત્ર થશે.

સ્થળ :
તારીખ :

____________________
(ઉમેદવારની પુરેપુરી સહી)

***<u>અરજી સાથે સામેલ રાખી મોકલાવેલ પ્રમાણિત નકલોની વિગત :</u>***

(૧)
(૨)
(૩)
(૪)